| | | | | |
|---|---|---|---|---|
| દાખલ તારીખ | : | ૧૨-૦૮-૨૦૨૪ | | |
| રજી. તારીખ | : | ૧૨-૦૮-૨૦૨૪ | | |
| નિકાલ તારીખ | : | ૧૦-૦૬-૨૦૨૬ | | |
| સમયગાળો | : | વર્ષ | માસ | દિવસ |
| | | | | |

**રાજુલાનાં એડી. ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ**
**શ્રી આર.વી.સોની સાહેબની કોર્ટ સમક્ષ. મું.રાજુલા**

**ફોજદારી કેસ નં.૮૯૬/૨૦૨૪**
**આંક :-**

ફરિયાદી : સરકાર શ્રી

**વિરૂધ્ધ**

આરોપી : (૧). કરણભાઈ રાજુભાઈ મેર
ઉ.વ.આ.૨૦,
રહે.રાજપરડા, શીંગાળા શેરી,
તા.રાજુલા,જિ.અમરેલી.

::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::

**ગુન્હો : ભારતીય દંડ સંહીતાની કલમ-૩૨૩,૫૦૪,૫૦૬(૨),૧૧૪ તથા જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબ....**

::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::

**અપિયરન્સ :-**
સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી એચ.એમ.ત્રિવેદી
આરોપીઓ તરફે વિ. વ.શ્રી બી.આર.સિંધવ

::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::

(R.V.Soni)
Addl.Chief Judi.Megi.
Rajula

**-: ચુકાદો :-**

(૧).. ફરિયાદ પક્ષનાં કેસની હકીકત ટૂંકમાં એવી છે કે, આ કામના ત્હો.દારના પિતા તથા આ કામના ફરિયાદી બંનેએ મળી જમીન ભાગવી રાખેલ હોય ત્યાં આગળ ફરિ.ના પત્નિ તથા બાળકો કામ કરતા હોય અને ત્હો.દાર વાડીએ આવતા ન હોય અને કામ પણ કરતા ન હોય જેથી ફરિયાદીએ ત્હો.ને કહેલ કે ''કેમ વાડીએ આવતા નથી અને કામ કરતા નથી'' તેવુ કહેતા ત્હો.ને સારૂ નહી લાગતા ત્હો.એ લાકડી વડે ફરિ.ને માથાના ભાગે મારી તથા કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરે ઢીકા પાટુનો મુંઢ માર મારી બંનેએ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી ગુન્હો કરવામાં એકબીજાએ મદદગારી કરી, અધિ.જીલ્લા મેજી.સા ના હથીયાર બંધી જાહેરનામાનો ભંગ કરી, ભારતીય દંડ સંહીતા, ૧૮૬૦ ની કલમ-**૩૨૩, ૫૦૪, ૫૦૬(૨),૧૧૪ તથા જી.પી.એકટની કલમ-૧૩૫** મુજબ શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે. જેથી સદર ગુના બાબતની ફરીયાદ સંબંધીત પો.સ્ટે.માં આપતા પોલીસે ગુનો રજીસ્ટર્ડ કરી સદર ગુનાની તપાસ કરી, તપાસ દરમ્યાન લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધી, તપાસના અંતે આરોપી વિરૂધ્ધ અદાલત સમક્ષ ચાર્જશીટ રજુ કરેલ.

(૨).. આરોપી વિરૂધ્ધનું ચાર્જશીટ દાખલ થતા આરોપીને સમન્સ કરતા આરોપી હાજર થતા ફો.કા.અ.ની કલમ ૨૦૭ મુજબ આરોપીને પોલીસ પેપર્સની નકલો પુરી પાડી તે અંગેની ખાતરી કરી આરોપી વિરૂધ્ધ **આંક-૦૬** થી તહોમતનામું ફરમાવી, આરોપીનો **આંક -૦૭ થી** જવાબ લેવામાં આવતાં સદરહું આરોપીએ તેમની સામેના ગુનાનો ઈન્કાર કરતા કેસની કાર્યવાહી આગળ ચલાવવામા આવેલ.

(૩) ફરીયાદ પક્ષે તેમના કેસના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

(અ) મૌખિક પુરાવા :-

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|

(R.V.Soni)
Addl.Chief Judi.Megi.
Rajula

| | | |
|---|---|---|
| ૧. | ૦૯ | ફરીયાદી રમેશભાઈ જાદવભાઈ મુધપરાની જુબાની |

(બ) દસ્તાવેજી પુરાવા :–

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧. | ૧૦ | ફરીયાદ |
| ૨. | ૧૧ | ગુનાવાળી જગ્યાનું પંચનામું |
| ૩. | ૧૨ | અટક પંચનામું |
| ૪. | ૧૩ | એમ.એલ.સી.સર્ટીફીકેટ |
| ૫. | ૧૪ | હથિયારબંધીનુ જાહેરનામું |
| ૬. | ૧૫ | કલોઝીંગ પુરસીસ |

આ કામે ફરીયાદ પક્ષે એ.પી.પી.શ્રી ધ્વારા આ સિવાય અન્ય કોઈ દસ્તાવેજી કે મૌખિક પુરાવો રજુ કરવા માંગતા નથી તેમ કલોઝીંગ પુરસીસ થી ફરીયાદ પક્ષનો પુરાવો પુર્ણ થયેલાનું જાહેર કરેલ છે.

(૪) આ કામે ફરીયાદ પક્ષ તરફે રજુ થયેલ પુરાવા અન્વયે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન નોંધવા લાયક પુરાવો રેકર્ડ ઉપર આવેલ ન હોય વિશેષ નિવેદન નોંધવામા આવેલ નથી.

(૫).. આ કેસની ઉપરોકત હકીકતો તથા ઉપરોકત કાયદાકીય સીધ્ધાંત ધ્યાને લેતા આ કેસના આખરી નિર્ણય માટે ન્યાયના હિતમાં નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**:: મુદ્દા ::**

(૧).. શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના ત્હો.દારના પિતા તથા આ કામના ફરિયાદી બંનેએ મળી જમીન ભાગવી રાખેલ હોય ત્યાં આગળ ફરિ.ના પત્નિ તથા બાળકો કામ કરતા હોય અને ત્હો.દાર વાડીએ આવતા ન હોય અને કામ પણ કરતા ન હોય જેથી ફરિયાદીએ ત્હો.ને કહેલ કે ''કેમ વાડીએ આવતા નથી અને કામ કરતા નથી'' તેવુ કહેતા ત્હો.ને સારૂ નહી લાગતા ત્હો.એ લાકડી વડે ફરિ.ને માથાના ભાગે મારી તથા કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરે ઢીકા પાટુનો મુંઢ માર મારી બંનેએ ગાળો આપી જાનથી મારી નાખવાની

(R.V.Soni)
Addl.Chief Judi.Megi.
Rajula

ધમકી આપી ગુન્હો કરવામાં એકબીજાએ મદદગારી કરી, અધિ.જીલ્લા મેજી.સા ના હથીયાર બંધી જાહેરનામાનો ભંગ કરી, ભારતીય દંડ સંહીતા, ૧૮૬૦ ની કલમ–૩૨૩,૫૦૪,૫૦૬(૨),૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

(૨). શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દાની કારણોમાં ચર્ચા કરી છે તે મુજબ નિર્ણય નીચે મુજબ છે.

(૧) નકારમાં, (૨) આખરી હુકમ મુજબ.

**ઉપરોકત નિર્ણયના કારણો નીચે મુજબ છે.**

<u>**–:: કા ર ણો ::–**</u>

**(૦૭)..** ફરીયાદપક્ષે રજુ કરેલ પુરાવો ધ્યાને લેવામા આવે તો, ફરીયાદપક્ષે સૌપ્રથમ આંક–૦૯ થી આ કામના મુળ ફરીયાદી રમેશભાઈ જાદવભાઈ મુધપરાને સોગંદ ઉપર તપાસવામા આવેલ છે. સદર સાહેદે તેઓની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે,'' બનાવ આજથી આશરે બેએક વર્ષ પહેલા બનેલો. બનાવનાં દિવસે હું મીતીયાળા ગામે પાણી ઢોળના કામે ગયેલ હતો અને બાદ હું ત્યાથી મારા ઘરે આવેલો ત્યારબાદ હું તથા મારો દિકરો ક્રિશ અમારી ભાગવડી વાડીએ ગયેલા તે વખતે કરણ રાજેશભાઈ ભરવાડ તથા ભોલો રાજેશભાઈ ભરવાડ બંને જણા અમારી વાડીએ આવેલા અને મે તથા રાજેશભાઈએ બંને મળીને આ જમીન ભાગવી રાખેલ હોય અને તેમાં મારા પરિવારના સભ્યો કામ કરતા હોય પરંતુ રાજેશભાઈનો દિકરો ભોલો કામ કરતો ન હોય જેથી મે તેને વાડીએ કામ કરવા કહેલું. આ વાત રાજેશભાઈને સારી નહી લાગતા તે તથા તેનો દિકરો બનાવનાં દિવસે મારી વાડીએ આવેલા અને મારી સાથે સામાન્ય બોલાચાલી કરેલી. તે દરમ્યાન આજુબાજુમાં વાડીમાં કામ કરતા લોકો ત્યા ભેગા થઈ ગયેલા અને ધણા બધા માણસો ભેગા જઈ જતા અંદરો અંદરો ધકકા મુકકી થતા તેમા હું પડી ગયેલો જેના કારણે મને માથામાં તથા શરીરે સામાન્ય ઈજા થયેલી. બનાવ સમયે ધણા બધા માણસોનુ ટોળુ ભેગુ થયેલ હોય તેમા દેકારો થતો હતો અને આ ટોળામાં કોણ શું બોલતું હોય તેની મને ખબર નથી. મને આ બનાવમાં ઈજા થયેલ હોય મે રાજુલા સરકારી દવાખાને સારવાર લીધેલી. બનાવની ફરીયાદ મે હાજર લોકોના કહેવાથી આપેલી. મને ફરીયાદની ખરી નકલ બતાવવામાં આવે છે જેમાં મારા અગુંઠાનુ નિશાન છે તે હું ઓળખુ છુ જેને રજુ દાખલ આંક– ૧૦ આપવામાં આવે છે. પોલીસે મારુ વિશેષ નિવેદન લીધેલુ. આરોપીઓને હું ઓળખુ છુ.'' ત્યારબાદ બચાવપક્ષની સમંતીથી સદર સાહેદને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરેલા છે.

(R.V.Soni)
Addl.Chief Judi.Megi.
Rajula

ત્યારબાદ,બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદે જણાવેલ છે કે, ''એ વાત ખરી છે કે બનાવમાં આરોપીઓએ મને તથા મારા દિકરા ક્રિશને ગાળો આપી લાકડીના ઘા શરીરે મારી તથા ઢીકાપાટુનો માર મારી શરીરે ઈજાઓ પહોચાડેલ અને જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય તેમ બનેલ નથી, બનાવમાં મારે આરોપીઓ સાથે ફકત સામાન્ય બોલાચાલી થયેલી, ડોકટરને હિસ્ટ્રી મારી સાથે આવેલા મારા સગા વ્હાલાઓએ આપેલી, આરોપીઓ સાથે મારે સમાધાન થઈ ગયેલ હોય જેથી હાલ કોઈ તકરાર નથી.''

(૦૮).. <u>**પુરાવાનું મૂલ્યાંકન :–**</u>

**(૮.૧)..** ફરીયાદ પક્ષનો કેસ ધ્યાને લેતાં આરોપી સામે ઈ.પી.કો.કલમ–૫૦૪,૫૦૬(૨),૧૧૪ હેઠળના ગુનાનો આક્ષેપ છે. સદર કામે આંક–૦૯ થી તપાસવામા આવેલ આ કામના મુળ ફરીયાદી રમેશભાઈ જાદવભાઈ મુધપરાનાઓએ તેઓની જુબાનીમાં આરોપી સાથે સામાન્ય બોલાચાલી થયેલી. આ સિવાય બીજુ કાઈ બનેલાની હકીકત જણાવેલ છે. આમ, આ કામે ફરીયાદપક્ષને મદદરૂપ થાય તેવો કોઈ પુરાવો રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. પરંતુ બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદે જણાવેલ છે કે,'' એ વાત ખરી છે કે બનાવમાં આરોપીઓએ મને તથા મારા દિકરા ક્રિશને ગાળો આપી લાકડીના ઘા શરીરે મારી તથા ઢીકાપાટુનો માર મારી શરીરે ઈજાઓ પહોચાડેલ અને જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય તેમ બનેલ નથી, બનાવમાં મારે આરોપીઓ સાથે ફકત સામાન્ય બોલાચાલી થયેલી, ડોકટરને હિસ્ટ્રી મારી સાથે આવેલા મારા સગા વ્હાલાઓએ આપેલી, આરોપીઓ સાથે મારે સમાધાન થઈ ગયેલ હોય જેથી હાલ કોઈ તકરાર નથી.''

(૮.૨). આમ, ફરિયાદપક્ષે તપાસેલ મુળ ફરિયાદી કે જેઓ આ કામના ઈજા પામનાર સાહેદ છે તેઓની જુબાની ધ્યાને લેતા વાદગ્રસ્ત બનાવના આરોપીએ કોઈ માર મારેલ હોય કે કોઈ ધમકી આપેલ હોય કે કોઈ ગાળો આપેલ હોય કે કોઈ હથિયાર ધારણ કરેલ હોય તેવી કોઈ હકીકતો, કોઈ પુરાવો સદર સાહેદ આપતા નથી. જયારે સદર મુળ ઈજા પામનાર સાહેદે કોઈ જ બનાવમાં તેઓને કોઈ ઈજા કરવામાં આવેલ હોવાનો ઈન્કાર કરતા હોય. ત્યારે બચાવપક્ષે કબુલ રાખેલ દસ્તાવેજી પુરાવાના આધારે આરોપીને તકસીરવાન

(R.V.Soni)
Addl.Chief Judi.Megi.
Rajula

ઠરાવી શકાય તેમ નથી. આમ ફરિયાદપક્ષે આરોપીએ કોઈ માર મારેલ હોય કે કોઈ ધમકી આપેલ હોય કે કોઈ ગાળો આપેલ હોય કે કોઈ હથિયાર ધારણ કરેલ હોય તેવી હકીકત વ્યાજબી શંકાથી પર સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ હોય. આરોપીને તકસીરવાન ઠરાવી શકાય તેમ ન હોય ન્યાયના હિતમાં મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં ઠરાવું છું અને મુદ્દા નં.૨ અંગે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

**–:: હુ ક મ ::–**

(૧) આ કામના આરોપી : (૧). કરણભાઈ રાજુભાઈ મેર, ઉ.વ.આ.૨૦, રહે.રાજપરડા, શીંગાળા શેરી, તા.રાજુલા,જિ.અમરેલી નાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ– ૨૪૮(૧) અન્વયે ઈ.પી. કો. કલમ–૩૨૩,૫૦૪,૫૦૬(૨),૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના શિક્ષાપાત્ર ગુનામાં થી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) મુદ્દામાલ પાવતીમાં રજુ મુદ્દામાલનો અપીલ સમય બાદ નાશ કરવો.

(૩) આ કામે ક્રિ.પ્રો.કોડની કલમ ૪૩૭–એ અન્વયે આરોપીઓએ અપીલ સમય સુધીના જામીન રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

**તારીખ:–૧૦–૦૬–૨૦૨૬**
**સ્થળ:–રાજુલા**

**(રાકેશકુમાર વસંતલાલ સોની)**
**એડી. ચીફ જ્યુડી.મેજીસ્ટ્રેટ,રાજુલા**
**જજીસ કોડ નં.જી.જે.૦૧૧૯૩**

(R.V.Soni)
Addl.Chief Judi.Megi.
Rajula